1. મોહેં-જો-દડો અને ધોળાવીરામાં જોવા મળતી વિશેષતાઓ જણાવો.

➢ હડપ્પીય સભ્યતાના તમામ નગરોમાં નગરમાયોજન જોવા મળે છે. પરંતુ આ સભ્યતાના કેટલાક સ્થળોએથી વિશિષ્ટ લક્ષણો ધરાવતાં અવશેષો મળ્યાં છે. મોહેં-જો -દડો અને ધોળાવીરામાં જોવા મળતી વિશેષતાઓ નીચે પ્રમાણે છે :

મોહેં-જો -દડો : મોહેં-જો -દડોમાંથી મળી આવેલ વિશાળ સ્નાનાગાર આધુનિક સ્નાનાગારને મળતું આવ છે. આ સ્નાનાગારની ચારેય બાજુએ ઓરડાઓ બનાવવામાં આવ્યા હતા અને સ્નાનાગાર માં ઉતરવા માટે ઉત્તર અને દક્ષિણ ભાગે સીડીઓ હતી.

સ્નાનાગારના તળિયે બીટુમન કોલસાનું પ્લાસ્ટર હતું, જેથી પાણી જમીનમાં શોષાઈ જાય નહિ. શુદ્ધ પાણી માટે કૂવાની અને ગંદા પાણીના નિકાલ માટે ગટરની વ્યવસ્થા હતી. સ્નાનાગારની આસપાસ ઝરૂખા, પશ્ચિમ ભાગમાં અનાજના કોઠાર અને ઈંટોના ચબૂતરા હતા.

આ સ્નાનાગારમાંથી શેલખડી (સ્ટીએટાઈટ)માંથી બનાવેલું માનવીનું કમરથી ઉપરના ભાગનું પૂતળું મળ્યું છે. આ માનવીના પૂતળામાં મુછો નથી, પરંતુ દાઢી છે. તે ચપટું નાક ધરાવે છે. તેણે ડિઝાઇન કરેલું સુતરાઉ કાપડનું વસ્ત્ર ધારણ કર્યું છે. ઇતિહાસકારોના મતે આ પુરોહિતનું પૂતળું હશે. ઇતિહાસકારોના મત મુજબ આ વિશાળ સ્નાનાગારનો ઉપયોગ ધાર્મિક ક્રિયા વખતે સ્નાન કરવા માટે થતો હશે. હડપ્પીય સભ્યતામાં પણ પવિત્ર સ્નાનનું મહત્ત્વ જોવા મળે છે.

ધોળાવીરા : કચ્છ જિલ્લામાં આવેલું ધોળાવીરા હડપ્પીય સભ્યતાનું ખૂબ જ વિશિષ્ટ સ્થળ ગણાય છે. ધોળાવીરામાંથી 'વરસાદી પાણીના નિકાલ માટેની ગોઠવણી' (રેઇનવોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ) મળી આવી છે. વરસાદના પાણીને ઝીલીને નીકો દ્વારા ત્રણ વિશાળ હોજમાં ભેગું કરવામાં આવતું હતું. 4000 વર્ષ પહેલાં હડપ્પીય સભ્યતાના આ સ્થળે વરસાદના પાણીના પ્રબંધનની અદભૂત યોજના અમલમાં હતી. વિદ્વાનો આ સૌથી પ્રાચીન વૉટર મેનેજમેન્ટ પ્રયોગ ગણાય છે. આ ઉપરાંત ધોળાવીરામાંથી સ્ટેડિયમ અને સાઈનબોર્ડના અવશેષો મળ્યા છે, જે તેને વિશિષ્ટ સ્થાન હોવાનું સન્માન આપે છે.

2. "લોથલ હડપ્પીય સભ્યતાનું મહાન આર્થિક કેન્દ્ર હતું." સ્પષ્ટ કરો.

➢ અમદાવાદ જિલ્લામાં આવેલું લોથલ હડપ્પીય સભ્યતાનું વિશિષ્ટ સ્થાન ગણાય છે. લોથલ એક વેપારી બંદર અને ઔદ્યોગિક નગર હતું. અહીથી ધક્કો અને જહાજ બનાવવાનો વાડો મળી આવ્યાં છે.

અહીથી વહાણને લાંગરવા માટેના લંગર મળી આવ્યાં છે, જે દર્શાવે છે કે અહીથી હડપ્પીય સભ્યતાનો આંતરરાષ્ટ્રીય વેપાર થતો હતો. આમ, લોથલ તે સમયનું ભારતનું આંતરરાષ્ટ્રીય બંદર હતું. આ ઉપરાંત લોથલમાંથી મણકા (Beads) બનાવવાની અને તેને શારવાની ફેક્ટરી મળી આવી છે. ઇતિહાસકારોના મતે આ કપાસનું મોટું કેન્દ્ર અને અકીકના ઉદ્યોગનું મુખ્ય કેન્દ્ર હોવું જોઈએ. આમ, લોથલ હડપ્પીય સભ્યતાનું મહાન આર્થિક કેન્દ્ર હતું.

## 3. હડપ્પીય સભ્યતાનો વેપાર કોની સાથે થતો હતો ?

➢ હડપ્પીય સભ્યતાની નગરીય અર્થવ્યવસ્થાનું સૌથી મોટું પાસું તેમનો આંતરિક અને આંતરરાષ્ટ્રીય વેપાર હતો. તેઓએ એક વિશિષ્ટ પ્રકારનું વ્યવસ્થાતંત્ર ઊભું કર્યું હતું. નગરની પ્રજા અનાજ અને અન્ય જરૂરી ચીજવસ્તુઓ માટે આજુબાજુમાં આવેલા ગામડાઓ પર નિર્ભર હતી. આથી નગરો અને ગામડાઓ વચ્ચે પરસ્પર આર્થિક સંબંધો વિકાસ પામ્યાં. નગરમાં રહેતા શિલ્પીઓ પોતાનાં શિલ્પો, અસ્ત્રો અને શસ્ત્રો ગામડાઓના બજારમાં વેચતાં. આમ, વેપારી વર્ગનો ઉદય થયો. લોથલ અને તેની આજુબાજુના પ્રદેશોમાં કપાસ, ચાર્લ્સડોની, કાર્નેલિયન, અકીક અને શેલખડીનું વિશેષ ઉત્પાદન થતું. આ ઉત્પાદનોની નિકાસે હડપ્પીય સભ્યતાના અનેક વિસ્તારોમાં થતી. આમ, હડપ્પીય સભ્યતાનો આંતરિક વેપાર ખુબ વિકાસ પામ્યો હતો.

કાલીબંગનમાથી તાંબાની ચીજવસ્તુઓની નિકાસ થતી તથા કર્ણાટકમાંથી સોનું અને સિંધમાંથી કપાસની આયાત થતી. અફઘાનિસ્તાનના બદલામાંથી લાપીઝલાઝૂલી (વેદર્યમણિ) જેવા કીમતી, પથ્થરોની આયાત થતી અને ચીનહુન્દઠોમાંથી પથ્થરના મણકાની નિકાસ થતી. હડપ્પીય સભ્યતાનો વિદેશ વેપોર (સુત્કાજેડોર અને લોથલ બંદરોએથી મેસોપોટેમિયા એને ઈરાની અખાત સાથે થતો હતો. અહી હડપ્પીય સભ્યતાની ચીજવસ્તુઓની ખૂબ માંગ રહેતી હતી. કાચો માલ મેળવવા અને તેમની સાથે વિનિમય કરવા વેપારીઓ અવરજવર કરતા હતા. કપાસ, મોતી, કીમતી પથ્થરો અને અકીકની મેસોપોટેમિયામાં નિકાસ થતી, જ્યારે ટિન અને ચાંદીની આયાત કરવામાં આવતી. ગુજરાતના દરિયાકિનારેથી છીપ અને શંખ મોટી સંખ્યામાં મળી આવતા હતા. જમ્મુ અને તેની બાજુબાજુના વિસ્તારમાંથી ઉતમ પ્રકારનું લાકડું લાવવામાં આવતું.

લોથલનો વેપાર ઈરાની અખાતના મોમાન, બહેરિન સુસા, કીશ અને મેસોપોટેમિયાનાં ઉર જેવાં બંદરો સાથે થતો. લોથલમાંથી, મેસોપોટેમિયાની મુદ્રાઓ મળી આવી છે તથા સુસા, ઉર અને મેસોપોટેમિયાનાં શહેરોમાંથી હડપ્પીય મુદ્રાખો મળી આવી છે. આ વિદેશી સ્થળોએથી હડપ્પીય સભ્યતાના માટીના વાસણો અને કીમતી પથ્થરો મળી આવ્યાં છે. આમ, હડપ્પીય સભ્યતાનો આંતરરાષ્ટ્રીય વેપાર ખૂબ ઉચ્ચ કોટીનો હતો. મેસોપોટેમિયાથી મળી આવેલા એક શિલાલેખમાં અક્કડનો રાજા સારાગોન (ઈ. સ. પૂર્વે 3300ની આસપાસ) લખે છે કે મારા વિસ્તારમાં દિલમુન, મેલુહા અને મુગનના અનેક વેપારીઓ વેપાર કરવા માટે આવે છે અને તેમની સાથે મારા દેશનો વેપાર ખૂબ મોટા પ્રમાણમાં થઈ રહ્યો છે. ઈતિહાસકારોના મતે ‘મેલુહા’ શબ્દ હડપ્પીય સભ્યતા માટે વપરાયો છે. જ્યારે ’મુગન’ શબ્દ મકરાણ તટ વિસ્તાર માટે અને ’દિલમુન’ શબ્દ બહેરિન માટે વપરાયો છે. મેસોપોટેમિયાથી આવતી ચીજવસ્તુઓમાં તૈયાર કપડાં , ઊન, અત્તર, ચામડાની ચીજો અને ચાંદીનો સમાવેશ થાય છે.

## 4. હડપ્પીય સભ્યતાની લિપિ વિશે સમજાવો.

➢ હડપ્પીય સભ્યતાનાં સ્થળોએથી મળી આવેલી મુદ્રાઓ, મુદ્રાંકો અને પટ્ટીકાઓ પરનાં લખાણોમાં એક જ પ્રકારના મરોડ ધરાવતા અક્ષરો છે. કેટલાક અંશરો મૂળાક્ષર પ્રકારના તો કેટલાક અક્ષરો ચિત્ર પ્રકારના છે. 400 જેટલાં ચિનો ધરાવતી હડપ્પીય લિપિ હજી સુધી પૂર્ણપણે ઉકેલી શકાઈ નથી. હડપ્પીય સભ્યતાનાં લગભગ તમામ સ્થળોએથી એક જ પ્રકારની મુદ્રાઓ મળી આવી છે. તેના પર કેટલાંક ચિનો અને આકૃતિમાં અંકીત કરવામાં આવેલી છે.

હડપ્પીય લિપિ જમણી બાજથી ડાબી બાજુ તરફ લખવામાં આવતી હશે, તેમ માનવામાં આવે છે. આ લિપિ મોટે ભાગે ચિત્રલિપિ હોય તેમ જણાય છે. લિપિની ભાષા અંગે કોઈ જાણકારી મળતી નથી. કેટલાક ભાષાવિજ્ઞાનીઓના મત મુજબ, પાકિસ્તાનની બલૂચી પ્રજા ; જે બ્રાહૂઈ ભાષા બોલે છે તેવી ભાષા કે પીય સતાની પ્રજા બોલતી હશે. આ અંગે વિદ્વાનોમાં મતભેદ જોવા મળે છે. હડપ્પીય લિપિના અક્ષરો (કેરાયાનો અનેક વિદ્વાનોને પ્રયત્ન કર્યો છે, પરંતુ તેમાંથી માત્ર છૂટાછવાયા કેટલાક અથારો જ ઉક્લાયા છે. કોઈ પણ વિધવાનએ દર્શાવેલ ઉકેલ છેલો અને સંપૂર્ણ નથી. આ લિપિ સળંગ લખવામાં આવતી હતી. તે તેની વિશેષતા છે.

5.હડપ્પીય મુદ્રાઓ વિશે માહિતી આપો.

પીય સભ્યતાના અવશેષો માંથી તાંબા, માટી અને પોચા પથ્થરમાંથી બનાવેલી અસંખ્ય મુદ્રાઓ મળી આવી છે. મુદ્રાઓ પર અનેક ધાટ અને આકૃતિઓ છે. ખુધવાળો બળદ, હાથી, વાઉ, મગર અન્ય પશુઓ અને પક્ષીઓ વગેરેની આ કૃતિઓ અંકિત થયેલી છે.

આ મુદ્રાઓ હડપ્પીય સભ્યતાના ધર્મ વિશે માહિતી આપે છે, એક મુદ્રામાં એક પુરુષદેવતા યોગમુદ્રામાં બેઠા છે. તેમના માથા પર શીંગડાવાળો મુગટે છે. તેમની આજુબાજુ પશુઓ છે. એક અન્ય મુદ્રામાં શીંગડાવાળા દેવતા મળ્યા છે. તેમના વાળ હવામાં ઊડે છે, તેઓ નન છે અને પીપળાના વૃક્ષની શાખાઓ વચ્ચે ઊભા છે. તેમની સામે એક ઉપાસક ઘૂંટણ પર બેઠો છે.

6.હડપ્પીય સભ્યતાનો વિસ્તાર સવિસ્તર સમજાવો.

- મોહેં જો -દડો અને હડપ્પામાં આશરે સાત વર્ષ સુધી ઉતખનન (ખોદકામ) કરવામાં આવ્યું હતું. આ પછી માધોસ્વરૂપે વત્સ, કા.ના. દીક્ષિત, અર્નેસ્ટ મેકે, ડો. એસ. આર. રાવ વગેરે પુરાતત્ત્વવિદોએ આશરે ચાલીસ વર્ષ સુધી ભારતના ઉત્તર-પશ્ચિમી વિસ્તારમાં અનેક સ્થળોએ ઉતખનન કરાવીને હડપ્પીય સભ્યતાનાં અનેક સ્થળો શોધ્યાં છે. આ સભ્યતા વિસ્તારની દષ્ટિએ વિશ્વની સૌથી મોટી સભ્યતા છે. આ સભ્યતામાં રાજસ્થાન, પંજાબ, હરિયાણા, ગુજરાત, મહારાષ્ટ્ર, પશ્ચિમ ઉત્તર પ્રદેશ, પાકિસ્તાન અને અફઘાનિસ્તાનની કેટલીક વિસ્તારો તથા જમ્મુ અને કરમીરના કેટલાક પ્રદેશોનો સમાવેશ થાય છે.

જમ્મુ અને કાશમીરમાં માંડા; પશ્ચિમ પંજાબ (વર્તમાનમાં પાકિસ્તાન)માં 48 ડેપ્પા; સિંધ (પાકિસ્તાન)માં મોહે- જો -દડો અને ચાનહૂદડો , ગુજરાતમાં લોથલ, રંગપુર, ધોળાવીરા અને ભાગાતળાવ, રાજસ્થાનમાં કાલીબગન, હરિયાણામાં બનાવાલી અને રાખીગઢી; ઉત્તર પ્રદેશમાં આલમગીરપુર અને સુતકાજેન્ડોરનો સમાવેશ થાય છે. હડપ્પા, મોહેં-જો -દડો, લોથલ, કાલીબંગન અને ધોળાવીરા હડપ્પીય સભ્યતાનાં મહત્ત્વપૂર્ણ અને અનેક વિશિષ્ટતાઓ ધરાવતાં સ્થળો હતાં.

હડપ્પીય સભ્યતામાં વાતાવરણ અને તેમની જીવન જીવવાની પદ્ધતિ એકસમાન જણાય છે. આ વિસ્તારની જમીન સમતલ હતી અને તેઓ પાણી માટે ચોમાસાની ઋતું અને હિમાલયમાંથી નીકળતી નદી પર નિર્ભર હતા. અહીની વિશિષ્ટ ભોગોલિક પરિસ્થિતિએ સૌપ્રથમ કૃષિ અને પશુપાલન સાથે જોડાયેલી અર્થવ્યવસ્થા ઊભી કરી. અનાજના વધુ ઉત્પાદનના કારણે તે હડપ્પીય સભ્યતામાં ફેરવાઈ ગઈ. હડપ્પીય સભ્યતામાં શહેરીકરણ સાથે સંકળાયેલાં લક્ષણો જેવાં કે નગર આયોજન, ગટયોજના, વેપાર અને વાણિજ્ય, શાસનવ્યવસ્થા, કરણ્યવસ્થા, લિપિ, શહેરી સાંસ્કૃતિક લક્ષણો જોવા મળે છે.

7. હડપ્પા અને કાલીબંગનમાં જોવા મળતી વિશેષતાઓ જણાવો.

➢ હડપ્પીય સભ્યતાના તમામ નગરોમાં નગરઆયોજન જોવા મળે છે. પરંતુ આ સભ્યતાના કેટલાંક સ્થળોએથી વિશિષ્ટ લક્ષણો ધરાવતાં અવશેષો મળ્યો છે. હડપ્પા અને કાલીબંગનમાં જોવા મળતી વિશેષતાઓ નીચે પ્રમાણે છે :

હડપ્પા : હડપ્પા પાકિસ્તાનના પશ્ચિમ પંજાબના મોન્ટગોમરી જિલ્લામાં આવેલું છે. હડપ્પામાંથી રાવી નદીના કિનારે આવેલા વિશિષ્ટ પ્રકારના 12 જેટલા વિશાળ અનાજના કોઠારો મળ્યા છે. ઉતખનન દરમિયાન જવના નમૂના પણ મળ્યા છે. આ કોઠારોને 'મહાન કોઠારો'ની ઉપમા આપવામાં આવી છે. ઇતિહાસ કારોના મતે 'હડપ્પા' આ સભ્યતાનું મુખ્ય નગર હોવાથી શાસનકર્તાઓ આ નગરમાં રહેતા હોવા જોઈએ. શાસનકર્તાઓ અનાજના સ્વરૂપમાં કર વસુલતા હશે. જુદાં જુદાં ક્ષેત્રોમાંથી નદીમાર્ગે હડપ્પામાં અનાજ લાવવામાં આવતું હશે .

કાલીબંગન : રાજસ્થાન રાજ્યમાં આવેલું કાલીબંગન હડપ્પીય સભ્યતાની કૃષિકાંતિનું મુખ્ય મથક છે. કાલીબંગન પાસેથી તાંબાના વિપુલ જથ્થાની માહિતી મળે છે. એટલે કે કાલીબંગનમાં તાંબાનાં અનેકવિધ પ્રકારનાં ઓજારોનું નિર્માણ થતું હશે. કાલીબંગનમાં તૈયાર થયેલાં ઓજારો કૃષિના ક્ષેત્રમાં ઉપયોગમાં લેવામાં આવતાં હશે. કાલીબંગનમાંથી ખેડેલા ખેતરનો પુરાવો મળી આવ્યો છે, જે તેનું કૃષિક્ષેત્રે આગવું સ્થાન હોવાનું દર્શાવે છે.

8. હડપ્પીય સભ્યતામાંથી મળી આવેલ મૂર્તિઓની સમજૂતી આપો.

➢ હડપ્પીય સભ્યતાની પ્રજા પથ્થર કાપવાની ક્લાથી પરિચિત હોવાના કારણે મૂર્તિકલાનો ખુબ વિકાસ થયો હતો. મોહેં-જો-દડોમાંથી મળી આવેલ સુપ્રસિદ્ધ કાંસ્યની નૃત્યાંગનાની મૂર્તિ સૌથી પ્રસિદ્ધ મૂર્તિ છે. હડપ્પીય સભ્યતાની પ્રસિદ્ધ કલાકૃતિઓમાં મોજ - જો-દડોમાંથી મળેલ દાઢીવાળા પુરુષની પથ્થરની મૂર્તિનો સમાવેશ થાય છે. અર્ધખુલ્લી આંખો ધરાવતી આ મૂર્તિ ધ્યાનમગ્ન મુદ્રામાં બેઠેલા પુરુષની છે. તેના ડાબા ખભા પર ડિઝાઈન કરેલી શાલ છે, આ ધડ પુરોહિતનું શિલ્પ હોવાનું જણાય છે.

હડપ્પીય સમ્પતાના અનેક સ્થળોએથી પુરુષો, મહિલાઓ અને પશુઓની માટીની મૂર્તિ પ્રાપ્ત થઈ છે. અહીથી પક્ષીનો, વાંદરા, કુતરા, બળદ, પાલતુ પશુઓ, ઘેટાં, બકરાંની અનેક મૂર્તિઓ પ્રાપ્ત થઈ છે. પાકી માટીમાંથી બાળકો માટે બનાવવામાં આવેલી બળદગાડીઓ અને રમકડાં મોટા પ્રમાણમાં મળ્યા છે.

9. હડપ્પીય સભ્યતાનો અંત કઈ રીતે આવ્યો?

➢ સંસ્કૃતિની પરાકાષ્ઠાએ પહોંચેલી આવી સુસમૃદ્ધ સભ્યતાનો અંત કેવી રીતે આવ્યો હશે તે વિશે વિદ્વાનોમાં નીચે મુજબ અનેક મતમતાંતરો પ્રવર્તે છે : સિંધુ નદીમાં આવતાં વારંવારના પુરે આ સભ્યતાનો અંત આણ્યો હશે, ખોદકામ કરતાં મોહેં-જો -દડો માંથી એક ઉપર બીજા એવા સાત કે નવ સ્તરો અને હડપ્પામાંથી છ સ્તરો મળી આવ્યા છે, જે અહી વારંવાર પૂર આવ્યાનો અને નગરોને ફરી ફરી વખત વસાવ્યાં હોવાનો નિર્દેશ કરે છે. છેલ્લા પૂર પછી લોકોએ નગરને ફરી વખત બાંધવાનો પ્રયત્ન પડતો મૂકીને પૂર્વમાં રાજસ્થાન કે દક્ષિણમાં કચ્છ-સૌરાષ્ટ્ર તરફ સ્થળાંતર કર્યું હશે. આગ, રોગચાળો કે ધરતીકંપના કારણે પણ આ સભ્યતાનો વિનાશ થયો હોય. કેટલાક વિદ્વાનો માને છે કે ના સભ્યતા કોઈ શક્તિશાળી જાતિના આક્રમણોનો ભોગ બની હોય, અહીં કેટલાંક હાડપિંજરો

રસ્તામાં રઝળતાં મળી આવ્યાં છે, એ ક ખોરડામાંથી એકસાથે 14 હાડપિંજરો મળી આવ્યાં છે, એક શેરીમાંથી નાસવાનો પ્રયત્ન કરતાં માર્યા ગયા હોય તેવાં મહિલાઓ અને બાળકો સહિતનાં છ હાડપિંજરો મળ્યાં છે, બીજી એક જગ્યાએથી કેટલાંક હાડપિંજરો દાદરનાં પગથિયાં ઉપર પડેલાં મળી આવ્યાં છે. એક મકાનમાંથી ઉતાવળે સંતાડી દીધો હોય તેવો ઘરેણાંનો દાબડો મળી આવ્યો છે, આ બધું બાહ્ય આક મણથી થયેલા વિનાશની શક્યતા સૂચવે છે. એક મત એવો છે કે, આ બાહ્ય આક્રમણકારીઓ કદાચ આર્યો હશે.